# ૨. આપણને થયું છે શું?

લેખક : જયંતીભાઈ પટેલ.

આમ તો આપણે કાયમ હિંદુ મુસ્લિમ ભાઈભાઈના નારા લગાવતા હોઈએ છીએ પણ એ વાત આપણે કોઈ સાચા મનથી સ્વીકારતા હોઈએ એમ લાગતું નથી. આઝાદી મળીને દેશના ભાગલા થયા તે પછી વાત વણસી ગઈ છે એમ પણ કેટલાક કહેતા હોય છે પણ એ વાત પણ સાચી નથી. હું તો ૧૯૪૨ની સાલમાંય અમદાવાદમાં રથયાત્રામાં જોડાયેલો છું અને ત્યારની સ્મૃતિ હજુય ભુલાઈ નથી. રથયાત્રામાં કાયમ છમકલાં થવાના ભણકારા વાગતા જ હતા.

મુસલમાનો મકાનોની અગાસી પર સોડાની બાટલીઓ લઈને બેસતા હતા અને રથયાત્રાના વરઘોડા પર ફેંકતા હતા. ત્યારે ક્યાં દેશના ભાગલા થયા હતા? પોલીસની ગાડીઓ દોડાદોડ કરતી હતી ને ક્યારેક પોલીસની ગાડીઓના કાચનાય ભૂકકા બોલતા હતા. પોલીસ લાચાર બનીને બધું સહન કરી લેતી હતી ને આજેય ક્યાં સહન કરી લેતી નથી?

ત્યારેય એક એવો વર્ગ હતો કે જે પોતાને અન્ય ભારતીઓથી અલગ માનતો હતો અને ધાર્મિક અસહિષ્ણુતાથી પીડાતો હતો. એને ઉસ્કેરનારા ત્યારેય હતા. તો તેની સામે પ્રત્યાઘાત કરનારા પણ હતા. અંગ્રેજ સરકારને ફાવતી આ વાત હતી એટલે એ પણ મુસ્લિમ લીગ અને અન્ય મુસ્લિમ સંસ્થાઓને સામાન્ય જન સમાજથી અલગ સવલતો આપતી હતી.

તોફાનો કરનારો એક વર્ગ જેને ફક્ત તોફાનો કરી કોમી એખલાસમાં ફાટ પડાવવામાં અને લૂટફાટમાં જ રસ હોય છે એ આવાં તોફાનો કરાવે છે. આમ આદમી તો આમાં સાવ અળગો જ રહેવા માગતો હોય છે પણ આ ચલતાપૂર્જાનાં કરતૂતોને કારણે એય આમાં સંડોવાય છે તેને બહુ સોષવું પડે છે.

હવે આ તોફાનો ક્યાંથી શરૂ થાય છે એ પણ વિચારવા જેવું છે. આપણે જેને લઘુમતિ કહીએ છીએ એમની જ્યાં બહુમતિ હોય છે એવા વિસ્તારોમાંથી જ તોફાનો શરૂ થાય છે ને પછી બીજે બધે એના પડઘા પડે છે. પણ અત્યાર સુધીના આપણા અનુભવ કહે છે કે આમ છતાં નાનાંનાનાં ગામડામાં રહેતા બેચાર લઘુમતિ કુટુંબોને કશી હેરાનગતિ ભોગવવી પડતી નથી. અરે! મોટાં શહેરોમાંય કોઈ એકલદોકલ મુસ્લિમની દુકાન ટોળાની નજરમાં આવી જાય તો એ લોકો પેલાને ડરાવી ધમકાવી બહાર કાઢી મૂકતા હતા ને પછી દુકાનને આગ લગાડતા હતા.

મારે જે વાત કહેવી છે એ પેલા થોડાક ચલ્તાપૂર્જા માણસોની છે ને સામે સામાન્ય મુસ્લિમ સમાજની છે.

કેટલાક સમય પહેલાં હું આણંદથી વડોદરા જવા માટે સવારની ગાડીમાં બેઠો હતો ત્યારે ડબ્બામાં કેટલાક જુવાનિયાઓ પણ હતા. તેમની વાતચીત પરથી લાગતું હતું કે એ લોકો મુસલમાન હશે પણ એક વાત મારી સમજણમાં બંધબેસતી થતી ન હતી. એમાંના એક જુવાનિયાને હાથે મીઢળ બાંધેલું હતું. જો એ લોકો મુસલમાન હોય તો આ મીઢળની વાત મારી સમજણમાં આવતી ન હતી. અને મને ગળા સુધી ખાતરી હતી કે એ લોકો બધા મુસલમાન જ હતા.

છેવટે મને થયું કે વર્ષો પહેલાં બ્રાહ્મણો વટલીને વહોરાઓ થયા હતા એવી માન્યતા છે એટલે કદાચ આવો કોઈ રિવાજ ચાલુ રહી ગયો હોય.

'તમે લોકો વહોરા છો?' છેવટે મારાથી ન રહેવાયું એટલે મેં પેલા મીંઢળબંધા યુવાનને જ પૂછ્યું.

તો પેલો કહે : 'ના, અમે મીયાંભાઈ છીએ. કેમ પૂછવું પડ્યું?'

'તો પછી તમારા હાથમાં આ મીઢળ બાંધ્યું છે એમ કેમ?'

'એ તો એમ છે કે અમારે તમારા જેવા હિન્દુ દોસ્ત ઘણા. આજે બારાતમાંય એ બધા આવ્યા છે પણ બીજા ડબ્બામાં ચઢી ગયા હશે. હવે હાથમાં મણકાનો પંજો અને પીઠ પર હાથના થાપા મારીને બહાર નીકળવામાં શરમ આવે છે. એને બદલે અમે બેચાર વરસથી આમ મીઢળ બાંધવાનું શરૂ કર્યું છે. અમારે તો દુલ્હાની ઓળખાણ મળી જાય એટલી જ નિશાનીની જરૂર છે.'

બીજો એક દાખલો રૂઢિચૂસ્ત વૈષ્ણવ સંપ્રદાયનો છે. આજથી લગભગ એંસી વરસ પહેલાંની વાત છે. પેટલાદનો એક મુસલમાન જુવાનિયો. ગફુર એનું નામ. એને ભજનનો રંગ લાગ્યો. એ દસ દસ ગાઉનો પંથ કાપીને બાકરોલ રામજી મંદિરના ભજન મંડળમાં ભજન ગાવા આવે. ભજન મંડળીને કયાંક બહારનું આમંત્રણ મળે તો એ જતાં ને આવતાં કાંસી જોડાંની કોથળી ને મૃદંગ ઊંચકીને સાથે જાય.

પછી તો એને ભજનનો એવો તો રંગ લાગ્યો કે રાસમાં એ રાધા બનીને એવો ચગે કે કોઈનેય એમ ન લાગે કે એ એક મુસલમાન છે. એક દિવસ એ કહે મને તમારી જેમ હિન્દુ બનાવી દો. ગમે તેવી હલકી નાતમાં મૂકો પણ મને હિંદુ બનાવી દો.

છેવટે મંડળીના આગેવાનોએ બહુ વિચારને અંતે કહ્યું : 'એ વાત અમારા હાથમાં નથી, પણ જો વૈષ્ણવ મહારાજ તને બ્રહ્મ સમાન(સંબંધ) આપે તો તું હિન્દુ બની શકે.'

પછી તો પેલાએ રઢ લીધી અને છેવટે ૩૨ માણસોનું આખું મંડળ ગફુરને લઇને ઊપડ્યું કાંકરોલીવાળા વૈષ્ણવ મહારાજ પાસે. એમની આ વિચિત્ર માગણી સાંભળી મહારાજ પણ વિચારમાં પડી ગયા. એ કહે : 'આજ પહેલાં કોઈ મહારાજે કોઈ મુસલમાનને બ્રહ્મ સમાન(સંબંધ) આપ્યો નથી. જો હું એવી કોશીશ કરું તો આખો સંપ્રદાય મારી સામે થઈ જાય.'

પણ બધાનો અતિ આગ્રહ જોઇને એમણે વચલો રસ્તો કાઢ્યો : 'જો તમે બધા કાલે સવારની મંગળા આરતીથી પરમ દિવસની મંગળા આરતી સુધી ઉપવાસ રાખો અને અખંડ ભજન કરો તો જાવ આરતી પછી હું એને બ્રહ્મ સમાન(સંબંધ) આપીશ.'

પછી તો ત્રીસ ત્રીસ કાંસીજોડાં ને બેબે મૃદંગની રમઝટ જામી પડી. ગફુર પણ રાધા બનીને એવો રાસ રમ્યો કે ખુદ મહારાજ પણ આખી રાત એનો ભક્તિભાવ જોતા જ દંગ રહ્યા. બીજે દિવસે એમણે ગફુરને બ્રહ્મ સમાન(સંબંધ) આપ્યો.

કહેવાની વાત એટલી જ કે એવું કયું તત્ત્વ છે કે જે આજે સામાન્ય જન સમૂહના દિલની વાતને બહાર આવતાં રોકે છે અને એને અવળે માર્ગે ચઢાવી દે છે? આમાં કાંઈ મુસ્લિમ સમાજનો ધર્મ બદલાઇ જતો નથી કે હિન્દુ સમાજ વટલાઈ જતો નથી. એક માણસે પોતાના વ્યક્તિસ્વાતંત્ર્યનો ઉપયોગ કર્યો છે. આની સાથે આખા મુસ્લિમ સમાજને કશું લાગતું વળગતું નથી.

મારે મુસલમાનને વટલાવીને હિન્દુ નથી બનાવવો પણ એ સાચો મુસલમાન બની રહે એવું થાય એટલું તો આખો દેશ ઈચ્છે છે. એને બદલે પેલા ચલતાપૂર્જા લકો સીધા સાદા મુસલમાનોને ઉશ્કેરીને કોમી તંગદિલિ ફેલાવે છે. આવા માણસોને ઉઘાડા પાડવાનું ને મુસલમાનોને હિન્દુ નહીં પણ હિન્દી બનાવવાની સમજન આપવાનું કામ કોણ કરશે? દેશના નેતાઓ તો મત મેળવવા માટે એમની આંખે પાટા બાંધી જ રહ્યા છે.

લેખકના પરિચય માટે અહીં કલીક કરો.

આવા ઉપયોગી અન્ય લેખો વાંચવા કે તમારી વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવા માટે અહીં કલીક કરો.

નિયમો માટે અહીં કલીક કરો.